૧૮, જુન ૨૦૨૨

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ તથા અન્ય હોદેદારોની ગુજરાત રાજયના ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીજી સાથે આવતી કાલે મિટીંગ.... વેપાર–ઉદ્યોગકારોની ફરીયાદો અંગે ચર્ચા–વિચારણા....**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી. પી. વૈષ્ણવ તથા અન્ય હોદેદારોની ગુજરાત રાજયના ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીજી સાથે આવતી કાલ તા.૧૯–૬–૨૦૨૨ રવિવારના રોજ સર્કીટ હાઉસ ખાતે વેપાર–ઉદ્યોગકારોની ફરીયાદો અંગે ચર્ચા–વિચારણા અંગે મિટીંગનું આયોજન કરવામાં આવેલ છે.

એસોસીએશનોના, વેપારીઓના રાજકોટ શહેર, જીલ્લા કે અન્ય રાજયોમાં રૂપિયા ફસાયેલ હોય અને તેનો નિકાલ ન આવેલ હોય તો આવી ફરીયાદોના નિકાલ માટે તેના આધાર પુરાવા સાથેના બધા ડોકયુમેન્ટ લઈ **અરજદારે રૂબરૂ તા.૧૯–૬–૨૦૨૨ રવિવારના રોજ બપોરના ૨:૧૫ વાગે, સર્કીટ હાઉસ, ફુલછાબ ચોક, રાજકોટ ખાતે અચુક હાજર રહેવું.** જેથી તેની રજુઆત મિટીંગમાં કરી શકાય અને તેનો નિકાલ લાવી શકાય. તે ડોકયુમેનટની નકલ  રાજકોટ ચેમ્બરને સાંજે ૭:૦૦ વાગ્યા સુધીમાં રૂબરૂ અથવા તો વોટસ એપ– ૭૩૮૩૧૨૭૪૦૦ અથવા ઈ–મેઈલ rajkotchamber@yahoo.co.in થી મોકલી આપવા અનુરોધ.તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.